# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-12-2025 Day: Sunday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## PM-રાષ્ટ્રીય પરીષદ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં મુખ્ય સચિવોના પાંચમા રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી હતી. તેઓ આજે પરિષદની અધ્યક્ષતા પણ કરશે. શુક્રવારથી શરૂ થયેલી આ ત્રણ દિવસીય પરિષદનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય વિકાસ પ્રાથમિકતાઓ પર સતત સંવાદ દ્વારા કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

---------------------------------------------------------------------------------------------

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 129મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.તેમજ મન કી બાતને આવરી લેતુ કચ્છી બુલેટીન આકાશવાણી ભુજ પરથી આજે સાંજે 7 વાગીને 5 મિનીટે પ્રસારીત કરાશે.

---------------------------------------------------------------------------------------------

## અમિત શાહ-નેટકોન:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તેમના ગુજરાતનાં પ્રવાસ દરમિયાન ઈન્ડિયન મેડિકલ એશોશિએશન દ્વારા આયોજિત IMA નેટકોન 2025માં ભાગ લેશે. બાદમાં AMC દ્વારા નિર્મિત ડ્રેનેજ પાઇપલાઇન અને એસજી હાઈ વેના પ્રથમ તબક્કાના પાઇલટ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે, ઉપરાંત નવા વણઝરના અસરગ્રસ્ત પરિવારને સનદ અર્પણ કરશે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત યુવા બિઝનેસ મહાસમેલન 2025 ના ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેશે. ત્યારબાદ તેઓ મનિપુરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ નમોત્સવમાં ઉપસ્થિત રહેશે.

---

## ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી સંગઠન:

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના નવા સંગઠનની જાહેરાત કરવામાં આવી છે. જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષપદે નવા સંગઠનમાં 10 ઉપપ્રમુખ, 4 મહામંત્રી અને 10 મંત્રીઓની નિયુક્તિ કરવામાં આવી છે. માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેને સંગઠનના મહામંત્રીની જવાબદારી સુપ્રત થઈ છે.

---

## ભચાઉ-વોંધ ગામ પાસે અકસ્માત:

ભચાઉ તાલુકાના વોંધ ગામ પાસે મીની બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયા બાદ બસમાં આગ લાગી હતી. બસમાં સવાર 14 લોકો નો બચાવી લેવાયાના અહેવાલ પ્રાપ્ત થયેલ છે. ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ કાબુમાં લાવવાની કામગીરી કરી હતી.

---

## નવચેતન અંધજન મંડળ-કલા ઉત્સવ:

માધાપર ખાતેના નવચેતન અંધજન મંડળ સંચાલિત દિવ્યાંગ મહિલા વિકાસ મંડળ દ્વારા દિવ્યાંગ મહિલાઓના હુન્નરને પ્રોત્સાહન આપવાના હેતુથી આજે નવચેતન કલા ઉત્સવ-2025 યોજાશે.

---

## કચ્છ-મતદારયાદી ખાસ ઝુંબેશ કેમ્પ:

કચ્છ જીલ્લામાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંર્તગત  તારીખ-27 અને 28 ડીસેમ્બર  એમ બે દિવસ ખાસ ઝુંબેશ કેમ્પનું આયોજન કરાયુ છે.  આ કેમ્પનો  લાભ લેવા જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ દ્વારા અપીલ કરાઈ છે.

---

## મુન્દ્રા-કાંડાગરા ગામે ડિઝીટલ સાક્ષરતા કાર્યક્રમ:

**આજના ઝડપી ડિજિટલ અને AI યુગમાં ગ્રામીણ મહિલાઓને સશક્ત,સ્વાવલંબી અને સાયબર છેતરાપિંડીથી સુરક્ષિત બનાવવાના હેતુથી અદાણી ફાઉન્ડેશન અને નોલેજ પાર્ટનર ICICI ફાઉન્ડેશનના સહયોગથી મુંદરા તાલુકામાં ડિજિટલ સાક્ષરતા અને નાણાકીય કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. જે અન્વયે પ્રથમ તબક્કાનો પ્રારંભ મોટા કાંડાગરા ગામે થયો હતો, જેમાં ગામની 75 થી વધુ મહિલાએ સાથે ભાગ લીધો હતો. મહિલાઓએ ડિજિટલ બેન્કિંગ, પોન્ઝી સ્કીમ્સ તથા સરકારી અને બચત યોજનાઓ વિશે પ્રશ્નો પૂછયા અને તાલીમ દરમિયાન પોતાની શંકાઓનું નિવારણ મેળવ્યું હતું.**

---

## ક્રિકેટ:

ભારત અને શ્રીલંકાની મહિલાટીમો વચ્ચેની ચોથી ટી-20 મેચ આજે તિરુવનંત પરમ ખાતે રમાશે. ભારતીય ટીમે અત્યાર સુધીની બધીજ ત્રણ મેચ જીતી પાંચ ટી-20 મેચની શ્રેણી જીતી  લીધી છે. આજની મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

---

## ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ:

વર્ષ 2014 થી દેશે ઇઝ ઓફ બિઝનેશ માટેના દ્વાર ખુલ્લા મૂકતાં જ અનેક કંપનીઓએ ભારત તરફ મીટ માંડી છે.કંપનીને વ્યાપાર માટે સરળતા કરી દેવાતાં આજે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઇલ ફોન ઉત્પાદક દેશ બની ગયો છે. જેમા 99 ટકાથી વધુ ફોન હવે સ્થાનિક સ્તરે વેચાય છે, જે ભારતમાં બનાવેલા છે.

નોઈડામાં ભારતની પ્રથમ ટેમ્પર્ડ-ગ્લાસ સુવિધાનું લોન્ચિંગ અને બખ્તરબંધ વાહનોની વૈશ્વિક ડિલિવરી ભારતીય ઉત્પાદનમાં વધતી જતી સુસંસ્કૃતતાને પ્રતિબિંબિત કરે છે. દેશના 6 રાજ્યોમાં 10 સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી અને એક કરોડ 60 લાખ રૂપિયાના રોકાણ સાથે, ભારતે ભાવિ ટેક નેતૃત્વનો પાયો નાખ્યો છે.. બેટરીથી લઈને સૌર મોડ્યુલ સુધી, ભારત સ્વચ્છ ઉર્જા ઇકોસિસ્ટમનું સ્થાનિકીકરણ કરી રહ્યું છે.

-----------------------------------------------------------------------------------------------